હવામાન

| | મહત્તમ | લઘુતમ |
|---|---|---|
| અંકલેશ્વર | ૩૩.૦° સે. | ૨૭.૦° સે. |
| બારડોલી | ૩૧.૦° સે. | ૨૫.૦° સે. |
| ભરૂચ | ૩૩.૦° સે. | ૨૬.૦° સે. |
| વ્યારા | ૩૧.૦° સે. | ૨૫.૦° સે. |

**માર્ગ અને મકાન ખાતાના બેફામ બનેલા અધિકારીઓના પાપે**

# દેલાડના રસ્તા બન્યા દોઝખ

**દેલાડનાં સરપંચ વિણાબેન પટેલની માર્ગ-મકાન ખાતાના કાર્યપાલક ઈજનેરને રજૂઆત**

**દેલાડથી** અમરોલી અને સાયણ તરફ જતા માર્ગ ઉપર સ્પીડ બ્રેકર મૂકવા માંગ




સાયણ: ઓલપાડ તાલુકાના દેલાડ ગ્રામ પંચાયતની મહિલા સરપંચ વિણાબેન પટેલે ગ્રામ પંચાયતની હદમાંથી પસાર થતાં રાજ્યધોરી માર્ગ પરથી પસાર થતાં રાહદારીઓ અને સ્થાનિકોના અકસ્માતની સમસ્યા નિવારવા રોડ ઉપર સ્પીડ બ્રેકર સહિત જન સલામતીની સુવિધાઓ ઉપલબ્ધ કરવા માર્ગ અને મકાન ખાતાના કાર્યપાલક ઈજનેર, સુરતને લેખિત રજૂઆત કરી છે.

તેમણે તેમની રજૂઆતમાં જણાવ્યું છે કે, દેલાડ ગ્રામ પંચાયતની હદમાંથી અમરોલી અને સાયણ તરફ જતો રાજ્યધોરી માર્ગ પસાર થાય છે. આ માર્ગ ઉપર દેલાડ પાટિયાથી સાયણ અને અમરોલી તરફ જતો માર્ગ સતત ૨૪ કલાક પુરઝડપે દોડતા વાહનોથી ધમધમી રહ્યો છે. ઝડપથી દોડતા વાહનોને લીધે આ રોડ ઉપર વારંવાર અકસ્માતની ઘટનાઓ બનતા ઘણા નિર્દોષ લોકોએ જાન ગુમાવવા સહિત નાની-મોટી ઈજાઓ અને ભોગ બનનારના વાહનોને નુકસાનીનો સામનો કરવો પડ્યો છે. જેથી આ રોડ પરથી પુરઝડપે દોડતા વાહનોની ઝડપને નિયંત્રિત કરી માર્ગ અકસ્માતની સમસ્યાઓ ઘટાડવા તથા લોકોની સુરક્ષા માટે રોડ ઉપર યોગ્ય સ્થળે જરૂરી માપદંડ મુજબના સ્પીડ બ્રેકરો, રોડ ઉપર ચેતવણી બોર્ડ, રોડ માર્કિંગ, રેડીયમ રિફ્લેક્ટરો તથા અન્ય જરૂરી માર્ગ સુરક્ષાની વ્યવસ્થા કરવી અત્યંત જરૂરી છે.

### ધારાસભ્યની સૂચનાની પણ અવગણના

છેલ્લા દોઢ વર્ષથી ચાલતા બોક્સ ગટરલાઇનનું કામ ઝડપી પૂર્ણ કરાવવા ચાર માસ પહેલા દેલાડ,સાયણ અને પરીઆ ગામના સરપંચોએ માર્ગ-મકાન ખાતાના અધિકારી પ્રતિક ખીમાણી અને કોન્ટ્રાક્ટરને ધારાસભ્ય મુકેશભાઇ પટેલની રૂબરૂમાં સ્થળ તપાસ કરાવી હતી. આ સમયે ધારાસભ્યએ આ કામ ઝડપથી પૂર્ણ કરવા કડક સૂચનાઓ પણ આપવા છતાં આ કામ પૂરૂ કરાવવાની વાત તો બાજુ પર રહી પણ આજે પણ આ કામ ખોરંભે પડ્યું છે. જેથી લોકો શેઠની શિખામણ ઝાંપા સુધી જ નો અહેસાસ કરી કહી રહ્યા છે કે, તંત્રના અધિકારીઓ ધારાસભ્યની સૂચનાને ગજવે ઘાલી ન ગણાકારે તો પછી સામાન્ય જનતાની રજૂઆતની શી વિસાત?

### સુરક્ષા માટે આ કામ જરૂરી

◆ સ્પીડ બ્રેકરો ◆ ચેતવણી બોર્ડ ◆ રોડ માર્કિંગ ◆ રેડીયમ રિફ્લેક્ટરો

# ઉતારા ગામમાં અસામાજિક તત્ત્વોએ ખેતરમાં ટીંડોળાના વેલા કાપી નાંખ્યા

**૨૫થી** ૩૦ હજારનું નુકસાન, ત્રણ શકમંદ સામે પોલીસ ફરિયાદ

બારડોલી: ઉતારામાં આવેલા એક ખેતરમાં કોઈ અજાણ્યા ઈસમોએ તૈયાર થયેલા ટીંડોળાના વેલા કાપી નાંખીને ખેડૂતને ૨૫થી ૩૦ હજાર રૂપિયાનું નુકસાન પહોંચાડ્યું હોવાની ઘટના સામે આવી છે.

બારડોલીના એકાવન કાન ફળિયામાં રહેતા ૫૨ વર્ષીય ખેડૂત પ્રકાશકુમાર મગનભાઈ પટેલ ખેતી કરી પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમનું ઉતારામાં સરવે નં.૩૮/S વાળું ચાર વીઘાંનું ખેતર આવેલું છે. આ આખા ખેતરમાં તેમણે ચાલુ વર્ષે ટીંડોળાનો પાક કરેલો હતો અને ટીંડોળા લગભગ તૈયાર થઈ ગયા હતા. ગત તા.૧૬ સપ્ટેમ્બરે બુધવારે સાંજે ખેતરેથી ઘરે જતા રહ્યા હતા. બીજા દિવસે ૧૭ સપ્ટેમ્બરે સાંજે સાડા ચારેક વાગ્યે ખેતરે જઈને જોતાં ખેતરના વચ્ચેના ભાગે આવેલા સાતેક પાળિયા પરના મંડપના વેલા કોઈએ દાતરડાથી કાપી નાંખી નુકસાન કર્યું હોવાનું જણાયું હતું. વેલા કપાવાના કારણે મંડપ પરના તૈયાર ટીંડોળા સુકાઈ ગયા હતા, જેનાથી તેમને અંદાજે ૨૫થી ૩૦ હજાર રૂપિયાનું નુકસાન થયું હતું. ખેતરમાં કામ કરતા અન્ય મજૂરો સોનલબેન હળપતિ અને નાનીબેન હળપતિ તેમજ અન્ય મજૂરોને પૂછતા તેઓને આ અંગે કોઈ જાણ ન હોવાનું સામે આવ્યું હતું.

આ નુકસાન અંગે પ્રકાશભાઈએ અગાઉ બનેલી એક ઘટનાના આધારે શંકા વ્યક્ત કરી છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ ગત તા.૧૭ ઓગસ્ટે રાત્રે ધામડોદ લુંભાના દીપકભાઈ હળપતિ, ભૂમો હળપતિ અને વિકાસ હળપતિ તેમના ખેતરમાં મોટરસાઇકલ નં.(જીજે ૧૯ બી.એન. ૭૩૩૬) સાથે જોવા મળ્યા હતા. એ સમયે પ્રકાશભાઈએ તેમને ઠપકો આપીને જવા દીધા હતા. આ કારણે જ આ ત્રણેય શખ્સોએ ખેતરમાં ટીંડોળાના વેલા કાપીને નુકસાન કર્યું હોવાની શંકા સાથે પ્રકાશભાઈએ સુરત ગ્રામ્ય પોલીસ મથકે આ શખ્સો વિરુદ્ધ કાર્યવાહી કરવા ફરિયાદ નોંધાવી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### મહુવા-અંબિકા તાલુકામાં ગણેશ વિસર્જન


મેહુલ પટેલ

અનાવલ: મહુવા અને અંબિકા તાલુકાના અનાવલ, કોષ, લશનપોર, ગાંગડિયા સહિતનાં ગામોમાં સ્થાપિત ગણેશજીની પ્રતિમાઓની ભક્તિભાવપૂર્વક વિસર્જનયાત્રા યોજાઇ હતી. અનાવલ ખાતે ગણેશજીની પ્રતિમાઓનું કાવેરી નદીમાં શાંતિપૂર્ણ માહોલ વચ્ચે વિસર્જન કરવામાં આવ્યું હતું. બીજી તરફ ઉમરા અને હળદવા ગામમાં સ્થાપિત ગણેશજીની પ્રતિમાઓનું રંગેચંગે લોકમાતા અંબિકા નદીમાં વિસર્જન કરવામાં આવ્યું હતું. ભક્તોએ 'ગણપતિ બાપ્પા મોરયા'ના નાદ સાથે બાપ્પાને ભાવભીની વિદાય આપી હતી.

### કોસંબાની 20 વર્ષની યુવતી પાયલોટ બની


ઈબ્રાહીમ કાનુ

હથોડા: માંગરોળના જૂના કોસંબા ખાતે રહેતી શેખ સઉદા ઝૈનુદ્દીન 20 વર્ષની નાની ઉંમરે પહેલી મહિલા પાયલોટ બનતાં કોસંબા વિસ્તારમાં આનંદની લાગણી પ્રસરી છે. જૂના કોસંબા ખાતે રહેતા શેખ પરિવારની સઉદા ઝૈનુદ્દીને સૌપ્રથમ કોસંબા ખાતે આવેલી હાજી એ.એમ.મોટાલા સાર્વજનિક હાઈસ્કૂલમાં અભ્યાસ કર્યો હતો. ત્યારબાદ એવીએશન એકેડમી ભાવનગર અને ભીલવાડા રાજસ્થાનમાં ટ્રેનિંગ પૂર્ણ કરી પાયલોટ બનતાં શેખ પરિવાર સહિત કોસંબાના માંગરોળ તાલુકા પંથકમાં ખુશીની લાગણી પ્રસરી છે.

### પાલોદ ઓવરબ્રિજ પર મોપેડ ડિવાઇડર સાથે અથડાતાં ચાલકનું મોત

હથોડા: પાલોદ-કીમ ચાર રસ્તા પાસે આવેલા નેશનલ હાઇવે ઓવરબ્રિજ પર અકસ્માતમાં એકનું મોત થયું હતું. મૂળ ઉત્તર પ્રદેશનો વતની અને હાલ પીપોદરા GIDC સ્થિત રવિ એન્ટરપ્રાઇઝના ગોડાઉનમાં મજૂરીકામ કરતો ૨૦ વર્ષીય યુવક ઉમેશ રામસરણ યાદવ પોતાની મોપેડ નં.(GJ 19 BN 7968) લઈને ઓવરબ્રિજ પરથી પસાર થઈ રહ્યો હતો. બ્રિજ પરથી પસાર થતી વખતે ઉમેશે પોતાની મોપેડ ડિવાઇડર સાથે અથડાવતા મોત નીપજ્યું હતું.

### બારડોલી ટાઉન પોલીસ મથકમાં ઈકો-ફ્રેન્ડલી ગણેશનું વિસર્જન



બારડોલી: ગણેશોત્સવ પર્વ નિમિત્તે બારડોલી ટાઉન પોલીસ દ્વારા પોલીસ મથક પરિસરમાં જ આસ્થાભેર શ્રીજીની સ્થાપના કરવામાં આવી હતી. ભક્તિભાવપૂર્વક પૂજા-અર્ચના કર્યા બાદ, આજે પાંચમા દિવસે ગણપતિ બાપ્પાને શ્રદ્ધાપૂર્વક ભાવભીની વિદાય આપવામાં આવી હતી. પર્યાવરણ જાળવણીનું એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડતા, ટાઉન પોલીસે ગણપતિની માટીની મૂર્તિનું વિસર્જન કોઈપણ નદી કે તળાવમાં કરવાને બદલે પોલીસ મથકના પરિસરમાં જ એક મોટા પાત્રમાં પાણી ભરીને કર્યું હતું. મૂર્તિ સંપૂર્ણપણે માટીની બનેલી હોવાથી તે ટૂંક સમયમાં જ પાણીમાં ઓગળી ગઇ હતી.

### સુરત ગ્રામ્ય પોલીસ અધિક્ષક રાજેશ ગઢીયાને એવોર્ડ એનાયત



ઈલ્યાસ શેખ

પલસાણા: ગાંધીનગર ખાતે આયોજિત ૨૭મા સેફ એન્યુઅલ માર્ગ સલામતી સેમિનારમાં સુરત ગ્રામ્યના પોલીસ અધિક્ષક રાજેશ ગઢીયાને વિશેષ સન્માન પ્રાપ્ત થયું છે. તેમને રાજ્ય કક્ષાના વન અને પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ તથા વાહન વ્યવહાર મંત્રી પ્રવીણભાઈ માળીના હસ્તે 'રોડ સેફ્ટી વોરિયર્સ ગુજરાત' તરીકેનો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. તા.૧૮ સપ્ટેમ્બરના રોજ ગાંધીનગર ખાતે ગુજરાત રોડ સેફ્ટી અને SIAM (સોસાયટી ઓફ ઇન્ડિયન ઓટોમોબાઇલ મેન્યુફેક્ચરર્સ) દ્વારા માર્ગ સલામતીને લગતા આ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મંત્રી પ્રવીણભાઈ માળી ઉપરાંત રોડ સેફ્ટી કમિશનર સતીષ પટેલ અને અન્ય મહાનુભાવો પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

### ઉકાઈના સીંગપુરમાં ખેડૂતની બાઈક ચોરાઈ

વ્યારા: ઉકાઈના સીંગપુરમાં મંદિર ફળિયામાં રહેતા અશોકભાઈ દાજીયાભાઈ ગામીત (ઉં.વ.51)ના ઘર સામે પતરાના શેડમાં પાર્ક કરેલી હીરો હોન્ડા મોટરસાઇકલ નં.(GJ 26 AC 1261) કોઈ અજાણ્યો ચોરી કરી ગયો હતો. આજદિન સુધી બાઈક મળી ન આવતાં ફરિયાદીએ ઉકાઈ પોલીસ મથકમાં ફરિયાદ આપતાં પોલીસે અજાણ્યા શખ્સ વિરુદ્ધ બાઈક ચોરીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# ધોરણ પારડી નજીક હાઇવે પર કેમિકલ ભરેલું ટેન્કર પલટી ગયું

**ટેન્કર** પલટી મારી જતાં એક તરફનો હાઈવે બંધ કરાયો


વિશાલ પટેલ

કામરેજ: ધોરણ પારડી ગામની હદમાં મુંબઈ-અમદાવાદ નેશનલ હાઈવે નં.48 પર કેમિકલ ભરેલું ટેન્કર પલટી મારતાં એક તરફનો હાઈવે બંધ કરાવવામાં આવ્યો હતો.

કામરેજના ધોરણ પારડીમાં મુંબઈ-અમદાવાદ નેશનલ હાઈવે નં.48 પર શુક્રવારે સવારે 8.45 કલાકે મુંબઈના તલોઝા ખાતેથી એમોનિયા કેમિકલ ભરેલું ટેન્કર નં.(જીજે 16 એડબ્લ્યૂ 3251) ઓલપાડ ખાતે જઈ રહ્યું હતું. ત્યારે આગળ ચાલતી ઈકો કારના ચાલક ઈન્દ્રમળી પાલ અચાનક બ્રેક મારતાં ટેન્કર ચાલકે પણ બ્રેક મારી હતી. જેના પગલે ટેન્કર હાઈવે પર પલટી મારી ગયું હતું. અકસ્માતની જાણ સુરત જિલ્લા ટ્રાફિકને થતાં તુરંત જ ઘટના સ્થળે દોડી ગયા હતા.

આ ટેન્કર પલટી મારી જતાં એક તરફનો હાઈવે જિલ્લા ટ્રાફિક પોલીસે બંધ કરાવ્યો હતો.

ભારે જહેમદ બાદ ત્રણ ક્રેનની મદદથી ટેન્કરને ફરી ઊભું કરાવી હાઈવે પરનો ટ્રાફિક ખુલ્લો કરવામાં આવ્યો હતો. સદનસીબે આ ઘટનામાં મોટી જાનહાનિ ટળી હતી.

# મહુવા સુગરની ૧૫ બેઠક પર ૪૫ દાવેદાર વચ્ચે જંગ ખેલાશે

**૧ બેઠક** બિનહરીફ જાહેર થતાં ભાજપ સામે ભાજપનો આંતરિક મોરચો મજબૂત

અનાવલ: અંબિકા તાલુકામાં આવેલી શ્રી મહુવા પ્રદેશ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લિ. બામણીયા (મહૂવા સુગર) ની વ્યવસ્થાપક સમિતિની ૧૬ બેઠક માટે આયોજિત ચૂંટણીમાં ચિત્ર સ્પષ્ટ થઈ ગયું છે. ઉમેદવારીપત્રો ખેંચવાના અંતિમ દિવસે ૧૫ બેઠક પર ૪૫ ઉમેદવાર મેદાનમાં બાકી રહ્યા છે, જ્યારે ૧ બેઠક બિનહરીફ જાહેર થઈ છે. આ સાથે જ સુગર ફેક્ટરીની સત્તા મેળવવા ભાજપના જ આગેવાનો સામે ભાજપનાં જૂથો વચ્ચે સીધો જંગ જામશે.

ઝોનવાર સ્થિતિ જોઈએ તો ૧૬ બેઠકમાંથી નાગધરા (મહિલા અનામત) બેઠક પરથી માજી ડિરેક્ટર મુકુંદ પટેલનાં પત્ની વનિતાબેન બિનહરીફ વિજેતા જાહેર થયાં છે. સૌથી વધુ કટોકટીનો જંગ દેદવાસણ બેઠક પર જોવા મળશે, જ્યાં ૯ ઉમેદવાર ચૂંટણી મેદાનમાં છે. આ સિવાય ૭ બેઠક પર બે-બે ઉમેદવાર વચ્ચે સીધી ટક્કર છે. જ્યારે અન્ય ૮ બેઠક પર બેથી વધુ ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ ખેલાશે.

ઝોન મુજબ દાવેદારોની વાત કરીએ તો અનાવલમાંથી ૨, ઝેરવાવરા (એસી/એસટી) માંથી ૨, ઊવામાંથી ૨, મહુવામાંથી ૨, રાનકૂવામાંથી ૩, વ્યારામાંથી ૩, વાંસકુઈ (કરચેલીયા)માંથી ૪, વાંકનેર (મહિલા અનામત)માંથી ૨, વાલોડમાંથી ૩, બારડોલીમાંથી ૨, વલવાડા (નાના સીમાંત ખેડૂત)માંથી ૩, મહુવરીયામાંથી ૩, બાજીપુરામાંથી ૩ અને બિન ઉત્પાદક મંડળીમાંથી ૨ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે.

ભાજપ સંગઠન દ્વારા સમાધાન કરાવવાના અનેક પ્રયાસો કરવા છતાં આંતરિક જૂથબંધી સપાટી પર આવી છે. વાંસકુઈ બેઠક પર ભાજપના માજી સાંસદ માનસિંહ પટેલ સામે અન્ય ૩ ઉમેદવાર મેદાનમાં રહ્યા છે. વાલોડ બેઠક પર ઉપપ્રમુખ બળવંતરાય પટેલ (બલ્લુ મામા) સામે ૨ ઉમેદવારે ચૂંટણી જંગમાં ઝંપલાવ્યું છે.

વલવાડા બેઠક પર માજી ઉપપ્રમુખ રાકેશ પટેલ સામે ભાજપ ધારાસભ્ય મોહન ઢોડીયાના પુત્ર જયમીન પટેલ સહિત ત્રિપાંખિયો જંગ જામશે. તે જ રીતે ઉવા બેઠક પર ભાજપ આગેવાન જીતેન્દ્રસિંહ વાંસિયા સામે કિરણ પટેલ અને મહુવા બેઠક પર વર્તમાન ડિરેક્ટર જીગર નાયક સામે સરપંચ અનિલ પટેલ વચ્ચે સીધો મુકાબલો થતાં ભાજપ સામે ભાજપનો જંગ નિશ્ચિત બન્યો છે.

# અનાવલ પાસે કારમાંથી રૂ.2.97 લાખનો દારૂ ઝડપાયો

અનાવલ: ગાંધીનગરની સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC)ની ટીમે દક્ષિણ ગુજરાતમાં બુટલેગરો સામે લાલ આંખ કરી છે. સુરત ગ્રામ્યના અનાવલ પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના કાંકરીયા ગામની સીમમાંથી અંબિકા નદીના પુલ તરફ જતાં રસ્તે બાતમીના આધારે વોચ ગોઠવીને પોલીસે એક શંકાસ્પદ હ્યુન્ડાઇ ગ્રાન્ડ i10 Nios કાર નં.(GJ-15-CS-4316)ને અટકાવી હતી.

તલાશી લેતાં કારમાંથી ગેરકાયદે રીતે વહન કરાતો વિદેશી દારૂ અને બિયરનો મોટો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે સ્થળ પરથી 2,97,744ની કિંમતનો વિદેશી દારૂ તથા બિયર (35 બોક્સ, કુલ 1,284 બોટલ/ટીન), 2,00,000ની કાર અને 10,000નો મોબાઈલ મળી કુલ 5,07,744નો મુદ્દામાલ કબજે કર્યો છે. આ મામલે પોલીસે કારચાલક આશીષ ઉર્ફે ગોલુ સચ્ચાલાલ યાદવ (ઉં.વ.26) (રહે.,પારડી, વલસાડ, મૂળ યુ.પી.)ની ધરપકડ કરી છે. પ્રાથમિક તપાસમાં આ દારૂનો જથ્થો દમણથી મોકલવામાં આવ્યો હોવાનું બહાર આવ્યું છે. ગુનાહિત કાવતરામાં સામેલ દમણથી દારૂ મોકલનાર વિકાસ ઉર્ફે ભૈયો (રહે.,ભેસલાપાડા, પારડી), શનિ ઉર્ફે શનિભેલ રાજેશભાઇ ગુપ્તા (રહે.,ગેલક્ષી રેસિડેન્સી, પારડી) તેમજ કાર માલિક સહિતના 4 શખ્સને વોન્ટેડ જાહેર કરાયા છે. અનાવલ પોલીસ મથકે ગુજરાત નશાબંધી અધિનિયમ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ પી.આઈ. કે.સી.પારગી ચલાવી રહ્યા છે.

# દેલાડમાં ઘરના આંગણા સામે ટ્રેક્ટર પાર્ક કરવા મામલે કુટુંબીઓ બાખડ્યા

**બંને** પરિવાર વિરુદ્ધ જાનથી મારી નાંખવાની ધમકીની પોલીસ ફરિયાદ

સાયણ: ઓલપાડના દેલાડ ગામે પડોશમાં રહેતા પાટીદાર સમાજના બે કુટુંબી પરિવાર ઘરના આંગણા સામેની ખુલ્લી જગ્યામાં ટ્રેક્ટર પાર્ક કરવાની નજીવી બાબતે બાખડવાનો મામલો ઓલપાડ પોલીસ મથક સુધી પહોંચ્યો છે.

દેલાડ ગામે પટેલ ફળિયામાં જીતેન્દ્રભાઈ મગનભાઈ હજારી (ઉં.વ.૫૯) તથા તેમની પડોશમાં ૮૦ વર્ષીય કાકા સુખદેવભાઈ મગનલાલ હજારી રહે છે અને બંને પરિવાર ખેતી કરે છે. ગત તા.૧૫ના રોજ સુખદેવભાઈના પુત્રએ પોતાના મકાનની સામેની ખુલ્લી જગ્યામાં તેનું ટ્રેક્ટર પાર્ક કર્યું હતું. પરંતુ આ ખુલ્લી જગ્યા જીતેન્દ્રભાઈની માલિકીની હોવાથી તેમણે આ બાબતની જાણ કરવા સાંજના સુમારે તેના કાકાના દીકરા પંકજને ફોન કરવા છતાં તેણે ફોન ઉપાડ્યો ન હતો. જેથી જીતેન્દ્રએ તેની પત્ની મિનાક્ષીના મોબાઈલ પરથી ફોન કર્યો હતો.

જે ફોન રિસીવ કરતાં તેને કહ્યું હતું કે, તેં કેમ તમારા ઘરની સામે આવેલી મારી માલિકીની ખુલ્લી જગ્યામાં તારું ટ્રેક્ટર પાર્ક કરેલ છે? આ સમયે પંકજે તેની સાથે બીભત્સ ભાષામાં વાત કરી ગાળો આપી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. જેથી જીતેન્દ્રભાઈ પડોશમાં તેના ઘરે કહેવા જતા હતા, ત્યારે તેના ઘરના ઓટલા ઉપર કાકા સુખદેવભાઈ અંબેલાલ હજારી ઊભા હતા. તેમણે પણ તેની સાથે ગાળાગાળી કરી લડાઈ-ઝઘડો કરી પેટના ભાગે લાત મારી હતી.

આ બબાલ મામલે વૃદ્ધ કાકા સુખદેવભાઈએ તેના ભત્રીજા જીતેન્દ્ર હજારી વિરુદ્ધ તથા બીજા દિવસે ભત્રીજા જીતેન્દ્ર હજારીએ કાકા અને તેના પુત્ર પંકજ વિરુદ્ધ ઓલપાડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. જે બંને ફરિયાદોના પગલે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### ભરૂચમાં ભંગારના ગોડાઉન માલિક સામે કાર્યવાહી

ભરૂચ: ભરૂચ શહેરમાં જાહેરનામાનો ભંગ કરવા બદલ પોલીસે ભંગારના ગોડાઉન માલિક સામે કાર્યવાહી કરી છે. રહાડપોર ગામના મિલનનગર સોસાયટી (પ્લોટ નં.9) ખાતે ભંગારનો ધંધો કરતા મોહંમદ સઈદ જમાલુદ્દીન રાઈની (ઉં.વ.42) (રહે.,મ.નં. 139, મિલનનગર, રહાડપોર)એ પોતાના ગોડાઉનમાં UPના ત્રણ કામદાર રાખ્યા હતા. પોલીસ તપાસ દરમિયાન માલિકે આ પરપ્રાંતીય કામદારોના આઈડી, ફોટા કે મૂળ સરનામાની માહિતી નિયત ફોર્મમાં ભરી સ્થાનિક પોલીસ સ્ટેશનમાં નોંધાવી ન હતી. આથી જાહેરનામાના ભંગ બદલ ભરૂચ 'એ' ડિવિઝન પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# જોળ ગામે ૧૧ વીઘાં જમીનમાં બોગસ પાવર ઓફ એટર્ની બનાવી ઠગાઈ

**અસલ** પાવરમાં ફેરફાર કરી સરકારી કચેરીમાં સાચા દસ્તાવેજ તરીકે ઉપયોગ કર્યો

**રૂ.1.20** કરોડની છેતરપિંડી આચરતા ચાર શખ્સ વિરુદ્ધ પોલીસ ફરિયાદ

અનાવલ: મહુવાના જોળ ગામે આવેલી કીમતી જમીનનો બોગસ પાવર ઓફ એટર્ની બનાવી, તેમાં છેડછાડ કરીને રૂ.1.20 કરોડની છેતરપિંડી આચરવા અંગે મહુવા પોલીસ સ્ટેશનમાં ચાર શખ્સ સામે ગુનાહિત કાવતરું અને બોગસ દસ્તાવેજો બનાવવા બાબતે ગુનો નોંધાયો છે.

સુરતના એ.કે. રોડ પર રહેતા અને હીરા દલાલીનો વ્યવસાય કરતા જીગ્નેશભાઈ ધીરૂભાઈ સાવલીયાએ નોંધાવેલી ફરિયાદ અનુસાર એપ્રિલ-2023માં જમીન દલાલો મારફતે તેમને મહુવાના જોળ ગામે આવેલા સરવે/બ્લોક નં.120 અને 125ની 11 વીઘાં જમીન ખરીદવાનો પ્રસ્તાવ મળ્યો હતો. આ જમીનના મૂળ માલિક મહેશભાઈ નાગરભાઈ પટેલ (હાલ રહે.,અમેરિકા) હોવાનું જણાવવામાં આવ્યું હતું. તેમના પુત્ર મેહુલ મહેશભાઈ પટેલ અને પુત્રવધૂ મેઘનાબેન પટેલે જમીન દલાલ બળવંતભાઈ ઉર્ફે બલ્લુભાઈ કંથારીયા સાથે મળી મૂળ માલિકે આપેલી પાવર ઓફ એટર્ની બતાવી જમીનનો સોદો 1.20 કરોડ રૂપિયામાં નક્કી કર્યો હતો. જીગ્નેશભાઈ અને તેમના ભાગીદારે બેંક એકાઉન્ટ મારફતે તથા રોકડા મળીને કુલ રૂ.1.20 કરોડ ચૂકવી આપતાં તા.7/11/2023ના રોજ દસ્તાવેજ કરી આપવામાં આવ્યો હતો.

દસ્તાવેજ મેળવ્યા બાદ તેમાં છેકછાક જણાતાં તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે, મૂળ અસલ પાવર ઓફ એટર્નીમાં જોળ ગામની આ જમીન લે-વેચ કરવાનો કોઈ ઉલ્લેખ જ ન હતો. આરોપીઓએ ગેરકાયદે રીતે બીજી બોગસ પાવર ઓફ એટર્ની બનાવી, તેમાં વ્હાઈટનર લગાડી તથા ખોટી સહીઓ અને છેડછાડ કરી તેને સરકારી કચેરીમાં સાચી તરીકે ઉપયોગમાં લીધી હતી.

આ મામલે ફરિયાદી જીગ્નેશભાઈ સાવલીયાની ફરિયાદના આધારે મહુવા પોલીસે 17 સપ્ટેમ્બર 2026ના રોજ મેહુલ મહેશભાઈ પટેલ (રહે.,બારડોલી), મેઘનાબેન મેહુલભાઈ પટેલ (રહે.,બારડોલી), મહેશભાઈ નાગરભાઈ પટેલ (હાલ રહે.,અમેરિ કા ) અને બળવંતભાઈ ઉર્ફે બલ્લુભાઈ ધનજીભાઈ કંથારિયા (જમીન દલાલ) (રહે.,બાબેન) સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

### જોળવામાં ડમ્પરે મોપેડ સવાર દંપતીને અડફેટે લેતાં મહિલાનું મોત

પલસાણા: જોળવામાં બારડોલી-કડોદરા રોડ પર એસ્સાર પેટ્રોલ પંપ સામે ગત ૧૭ સપ્ટેમ્બરે અકસ્માત સર્જાયો હતો. આ ઘટનામાં પૂરઝડપે આવેલા ડમ્પરે આગળ જઈ રહેલી મોપેડને પાછળથી જોરદાર ટક્કર મારતાં ૬૫ વર્ષીય મહિલાનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. માંડવીના નાની ચેર ગામના રહેવાસી ૬૮ વર્ષીય સુરેશભાઈ બાબરભાઈ પટેલ તેમનાં પત્ની દેવીલાબેન (ઉં.વ.૬૫) સાથે મોપેડ નં.(GJ-19-AS-2177) પર હરિપુરા ગામે બહેનના ઘરે ગણપતિ વિસર્જન નિમિત્તે જઈ રહ્યાં હતાં. તે સમયે ડમ્પર નં.(GJ-21-W-7806)ના અજાણ્યા ચાલકે પાછળથી ટક્કર મારતાં પતિ-પત્ની રોડ પર ફેંકાઈ ગયાં હતાં. અકસ્માતમાં સુરેશભાઈને ઈજાઓ પહોંચી હતી, જ્યારે દેવીલાબેન પર ડમ્પરનું ટાયર ફરી વળતાં તેમને ગંભીર ઈજા થઈ હતી. ઈજાગ્રસ્ત દેવીલાબેનને પ્રથમ ચલથાણની સંજીવની હોસ્પિટલ બાદ વધુ સારવાર માટે સુરતની હોસ્પિટલમાં ખસેડાયાં હતાં, જ્યાં સારવાર દરમિયાન તબીબે તેમને મૃત જાહેર કર્યાં હતાં. અકસ્માત સર્જી ડમ્પર ચાલક વાહન સાથે ભાગી છૂટ્યો હતો. આ મામલે મૃતકના પતિ સુરેશભાઈ પટેલે નોંધાવેલી ફરિયાદના આધારે પલસાણા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.